Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

આત્મ સંવત ૯૩ જેઠ પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ જુન
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૭ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ત્રણ શિખામણ | પં. શીલચન્દ્રવિજયજી ગણી. | ૧૧૩ |
| ૨ | જૈન કથા લેખન સ્પર્ધા | — | ૧૨૧ |
| ૩ | ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ | સંકલન શ્રી હીરાલાલ બી. શાહ | ૧૨૨ |
| ૪ | સમાલોચના | — | ૧૨૭ |
| ૫ | સંસ્થા સમાચાર | — | ૧૨૮ |



આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી જયંતીલાલ જીવરાજ શાહ—ભાવનગર

(હાલ મુંબઇ અંધેરી ઈસ્ટ)

સં. ૨૦૪૩ના જેઠ સુદ ૧૦ રવિવાર તા. ૭-૬-૮૭ના રોજ

## શ્રી આત્માનંદ સભાની વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી

નિયત કાર્યક્રમ મુજબ શ્રી તાલધ્વજગિરિ પર તીર્થંકર ભગવાન શ્રી સુમતિનાથના દર્શન અને પૂજાની ઝંખના સભાના સભ્યોને હૃદયે વસી હતી. સવારના ૯-૧૦ સુધીમાં સારી સંખ્યામાં સભ્યો હાજર થઈ ગયા. ચા-પાણી પતાવીને સહુ ઉલ્લાસ અને ઉમંગભેર પૂજા કરવા પહોંચી ગયા. શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી સુમતિનાથ પ્રભુની પૂજા કરી. સ્નાત્રમાં હાજર થઈ ગયા. પછી ખૂબ આનંદ અને ભક્તિપૂર્વક પૂજાનો લાભ લીધો. દુનિયાની જંજાળમાંથી એક દિવસ તો છૂટયા—અને ભક્તિનો લાભ સારો મળ્યો—તેથી પુનિત અને ધન્ય દિવસ સહુએ માન્યો. બપોરના ત્રણ વાગે આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] • વિ. સં. ૨૦૪૩ જેઠ : જુન-૧૯૮૭ • [ અંક : ૮

# • ત્રણ શિખામણ

• લે. પં. શીલચન્દ્રવિજય ગણી.

સમગ્ર રાજ્યમાં દુકાળ છવાયો છે. ચોમાસું આખું વહી ગયું. પણ ધરતી કોરીકટ જ રહી છે. છાંટોયે વરસાદ નથી પડ્યો. વરસાદની આશાએ ભૂમિપુત્રોએ ધરતી પર વેરેલું બિયારણ પણ હવે તો ધોમધખતા તડકામાં શેકાઇ ગયું છે. એની સામે રાજાએ અને પ્રજાએ સંઘરેલા અન્નભંડારોનાં પણ હવે તળિયાં દેખાવા લાગ્યાં છે.

પૈસાપાત્ર શ્રીમંતોને, મોંમાંગ્યાં દામ ચૂકવતા પણ મૂઠી ધાન્ય ન મળે એવી મુશ્કેલ સ્થિતિ સર્જાઈ છે, એવે વખતે ભિક્ષાજીવી અને ગરીબ માણસોના તો ગજ જ ક્યાં વાગે? અને માણસને પણ મૂઠી અનાજ માટે વલખાં મારવા પડે છે, ત્યારે મૂંગા પ્રાણીઓની તો ગણતરી જ શેની હોય!

'પેટ કરાવે વેઠ' એ ન્યાયે, સુખી ગણાતો માણસ પણ, ન કરવાનાં કામ કરવા માટે તત્પર બન્યો છે, તેવે ટાણે ગોરપદું કરીને સ્વમાનભેર આજીવિકા ચલાવતો, પણ અત્યારે ભૂખનાં દુઃખે ધાંધો બનેલો બ્રાહ્મણ સોમવસુ પણ, પોતાનાં અને પોતાનાં બાળબચ્ચાંઓનાં પેટ કેવીરીતે ભરવા, તેની વેતરણમાં પડ્યો છે.

અલબત્ત એ પોતે તો ભૂખે મરવા તૈયાર હતો, પણ પોતાનાં સ્ત્રી બાળકોનું દુઃખ- આઠ આઠ ટંકની ભેગી થયેલી ભૂખનું દુઃખ એનાથી નહોતું ખમાતું. એટલે, અનાજ મેળવવાના સેંકડો પ્રયત્નો અને ઉપાયો નિષ્ફળ ગયા ત્યારે છેવટે, એણે નાઇલાજે એક પ્રયત્ન કર્યો- એક શૂદ્રજનની પાસે ભિક્ષાની યાચનાનો અને દૈવ-યોગ જ ગણો કે એમા એને અણધારી સફળતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળી ગઈ. બધાની ભૂખ ભાંગે એટલી ભિક્ષા, એને આ શૂદ્રજન પાસેથી પ્રાપ્ત થઇ ગઇ. રે! ઉદાર હોવાનો ઇજારો એકલાં ઉચ્ચવર્ણનો જ થોડો છે? શૂદ્રકુળમાં જન્મ અને ઉદારતા અને દયાનો અભાવ - એવું સમીકરણ તો કોઈ કોરાં-ગણતર વગરનાં ભણતરવાળા જ કરી શકે.

હા, તો સોમવસુ બ્રાહ્મણે શૂદ્રાન્ન મેળવીને સૌની ભૂખ ભાંગી તો ખરી, અને દુકાળ પૂરો થયો ત્યાં સુધી એ, એ રીતે સૌની ભૂખ ભાંગતોજ રહ્યો; કેમકે હવે એની પાસે જીવવાનો એ એકજ રસ્તો હતો, પણ પછી એનું બ્રાહ્મણત્વ બેચેન બની ગયું. એનું લોહી જાણે કહેતું હતું: અરે બ્રાહ્મણ! મૂઠીભર પેટને ખાતર તેં વ્રતભંગ કર્યો? બાળ-બચ્ચાની દયા આવતી હતી, તો એમને ભલે તેં ખવડાવ્યું, એમને ખાતર ભલે તેં ભિક્ષાયાચના કરી એ તો આપદ્ધર્મ હતો, પણ ભૂંડા! તેં તો પોતાનું પેટ પણ ભર્યે રાખ્યું! અને એમ કરીને તારા નિયમને, તારા અયાચકવ્રતને તું કેવું લાંછન લગાડી બેઠો!

'ભૂખ ના જુએ સૂકોભાત' અને 'જીવતો નર ભદ્રા પામે' એ લોકોક્તિઓના મર્મ બરાબર સમજનાર સોમવસુના આ વિચારમા શૂદ્ર કે તેનાં અન્ન પ્રતિ તિરસ્કાર ન હતો, પરંતુ બધે બનતું હોય છે એમ વિપત્તિવેળાએ કરવી પડેલી ભૂલનો આ પશ્ચાત્તાપ હતો. એને પોતાના કુળ પરંપરાગત અડગ અયાચકવ્રતના, માત્ર શરીરને ખાતર, પોતે કરેલા ભંગનો હવે અફસોસ થતો હતો. જોકે એનાં દિલમાં તો, જે દિવસે એણે સૌ પ્રથમવાર આ અયાચકવ્રત તોડયું, તે દિવસથી જ ખટકો પેદા થયો હતો કે આ કરીને હું મારી જાતનોજ નહિ પણ પૂર્વજોનો પણ ગુનેગાર બન્યો છું. પણ હવે એને થવા માંડયું કે મારે આ અંગે પ્રાયશ્ચિત્ત લેવું જ જોઇએ. તો જ મારી શુદ્ધિ થાય. પૂર્વજોએ પાડેલા ચીલાનો ભંગ એને મન અક્ષમ્ય અપરાધ હતો.

કોણ જાણે કેમ, પણ પ્રાયશ્ચિત્તની આ વિચારણા સાથે જ એના હૃદયના ઊંડે ખૂણે એવો ભાવ પણ જાગ્યો કે આ સંસાર કેવો દારુણ છે કે જયાં રહીને આવાં દુકાળ અને દુઃખો વેઠવાં પડે છે, પણ એની સાથે સાથે આવા ન કરવાનાં કામ પણ કરવાં પડે છે? અને ગમે તેટલાં દુઃખો કે ભૂખ તરસ વેઠીએ, તોય એ કાંઈ ધર્મકરણી ગણાયજ નહિ. બલ્કે એ તો દોષાચરણ અને કર્મબંધનનું જ કારણ બનવાનાં! એ કરતાં, આ બધું છોડીને, સંન્યાસ લઇ લેવો શું ખોટો?

પણ એની મુખ્ય ચિંતા તો પ્રાયશ્ચિત્તની જ હતી. અને હવે સુકાળ પાછો આવતાં, પરિસ્થિતિ પણ સામાન્ય બની ગઇ હતી, એટલે હવે ઘર-કુટુંબની કે આજીવિકાની ચિંતા જેવું પણ ન હતું. એટલે એ પ્રાયશ્ચિત્તને નામે સૌની રજા લઇને પાટલીપુત્ર તરફ જવા નીકળી ગયો.

ઘણો માર્ગ કાપ્યા પછી એક ગામને પાદરે પહોંચ્યો, તો તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું: કોઈક બ્રાહ્મણનું મૃત્યુ થતાં નદી કાંઠે તેની ચિતા ગોઠવાઈ હતી, અને તેજ ચિતામાં તેની પત્ની જીવતી સતી થઈ રહી હતી. આસપાસ ભેગું મળેલુ લોકટોળુ 'સતીમાતાનો જય' પોકારતું હતું.

સોમવસુ ઘડીભર સ્તબ્ધ અને ક્ષુબ્ધ થઇ ગયો. એની આંખમા આ દૃશ્ય શૂળની જેમ ભોંકાયું. એને થયું: રે! આ કેવું અજ્ઞાન મૃત્યુ છે! આવું મૃત્યુ પણ માણસનું અમંગળ કરનારું બને!

આ વિચારમાં જ એ ગામમાં પેઠો. પોતે આ ગામનો સાવ અજાણ્યો હતો, અને ભૂખ અને થાક તો શરીરમાં ખાસા ભરાયા હતા! એટલે એણે તો એક નાનકડી પણ મજાની ફુલ-વાડી અને તેની વચ્ચોવચ્ચ એક મઢુલી જોઇને બીજો કશો વિચાર કર્યા વગર એમાં પ્રવેશ કરી દીધો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મઢુલી કોઈ બ્રહ્મચારી સાધુની હતી, અને 'એ પણ' તે વખતે ભોજન કરવાની તૈયારીમાં જ હતો. એણે આને જોતાંજ 'અતિથિ દેવો ભવ'નું સ્વસ્તિ વચન ઉચ્ચારીને એની ઉચિત આગતા સ્વાગતા કરી. એ પોતે પણ બ્રાહ્મણ હતો. પેટ પુરતું મળી રહે, પછી બીજા ટંકની ફિકર ન કરવાનો એનો સ્વભાવ હતો. એટલે એ સોમવસુને ઘડીક વીસામો લેવાનું કહીને ગયો ગામમાં, અને થોડીવારમાં સોમવસુની ક્ષુધાતૃપ્તિ થાય એટલી ભોજન સામગ્રી લેતો આવ્યો. બન્નેએ સાથે બેસીને ભોજન કરાવ્યું ને પછી વામકુક્ષિ પણ કરી લીધી.

પોતે અહીં આવ્યો, વીસામો લીધો. જમ્યો, એ પછી આરામ કર્યો, પણ એ બધો વખત સોમવસુનાં મનમાં આ જુવાન સાધુના વેષ અને એની ભાતભાત વિષે કુતૂહલ સળવળતું જ રહ્યું હતું. એટલે હવે હાથ મોં ધોઈને બન્ને વાતે વળગ્યા ત્યારે– લાગ જોઈને સોમવસુએ સાધુને પૂછી દીધું : 'મહારાજ! તમારો વેષ, તમારી ચર્યા અને રહેણીકરણી જોઈને મને ક્યારનીય નવાઇ લાગે છે. કૃપયા તમારા આ આચાર-વિચારનું હાર્દ શું, એ મને સમજાવશો? સામાન્યતઃ બીજા સાધુઓ–તાપસો-તો જંગલમાં જ વસતિથી દૂર રહેતાં હોય છે. અને તમે તો અહીં વસતિની મધ્યમાં જ રહેવાનું રાખ્યું છે, ભોજનમાં પણ તમે તો વનફળ કે કંદમૂળ આદિને બદલે બધું જ લો છો! વેષમાં પણ ઝાડની છાલ કે જીર્ણ, મલિન વસ્ત્રો કે ભગવા વસ્ત્રો નથી પહેર્યા! એટલે સમજાય છે કે તમારો ધર્મ અને પંથ ન્યારો જ છે. તો એનું રહસ્ય તત્ત્વ મને સમજાવશો?

આના જવાબમાં પેલા સાધુએ પણ પોતાની હકીકત સમજાવતા કહ્યું. "વિપ્રવર! અમારા ગુરુદેવ મહાન વિદ્વાન અને પવિત્ર પુરુષ હતા. એમના અમે બે શિષ્યો હતા. અમારા ગુરુ કોણ હતા, ક્યાંના હતા, એ બધી બાબતથી અમે સાવ અજ્ઞાન જ હતા. અને 'નદીનું મૂળ ને સત્પુરુષોનું કુળ' જાણવાની જરૂરેય શી હોય ભલા? અમને તો એટલી ખબર હતી કે તેઓ એક કુલીન બ્રાહ્મણ હતા. અને અમારા પુણ્યના ઉદયેજ એમણે અમને બન્નેને શિષ્ય તરીકે સ્વીકારીને થોડાજ સમયમાં અનેક વિદ્યાઓ અને શાસ્ત્રોનું જ્ઞાન અમને આપ્યું, પણ પછી તરતજ તેઓ અમને છોડીને ક્યાંય ચાલ્યા ગયા. જતા જતા એમણે અમને ત્રણ વાતો કહેલી : "સુખે સુજો, મીઠું ખાજો અને લોકપ્રિય બનજો."

હવે ગુરુદેવે આ ત્રણ વાતો– શિખામણ તો આપી, પણ એનો પરમાર્થ એમણે ના સમજાવ્યો, ને એ ચાલ્યા ગયા. હવે કરવું શું? હું તો વિચારમાં પડી ગયો. ઘણી ગડમથલને અંતે મેં તો એ ત્રણ વાતોનો મને બેઠો એવો અર્થ તારવ્યો. અને એ પ્રમાણેજ વર્તવાનું અહીં રહીને, મેં શરૂ કર્યું. જુઓ અમને ગુરુજીએ કહેલું કે 'લોકપ્રિય બનજો!' એટલે હું તો એમણે ભણાવેલા મંત્રો અને ઔષધોનો ઉપયોગ કરીને લોકો ઉપર યથાશક્ય ઉપકાર કરતો રહું છુ. અને તેથી અહીંના લોકોમાં હું ખૂબ પ્રિય થઈ પડયો છૂં અને એજ કારણે મને લોકો કાયમ સારું સારું ભોજન ભિક્ષામાં આપે છે, એટલે હું (મીઠુ જમજો) એ ગુરૂ આજ્ઞા પણ પાળું છું અને લોકોએજ કરી આપેલી સગવડ અનુસાર આ મઢુલીમાં સરસ મજાની પથારી રાખી છે, તે પર હું સુખે ઊંઘું છું. એટલે (સુખે સૂજો) એવી ગુરુજીની આજ્ઞા પળાય છે. હું તો ભાઈ! આ રીતે મારા ગુરુજીની ત્રણ શિખામણો સમજ્યો છું અને પાળું છું. અને આજ મારા ધર્મનું અને આચાર-વિચારનું પણ હાર્દ છે બાકી, ખરૂં રહસ્ય તો મારા ગુરુજી જાણે!"

સોમવસુ બુદ્ધિમાન હતો. વિચારક હતો. બ્રાહ્મણ સાધુની વાત સાંભળીને એણે તટસ્થ બુદ્ધિએ વિચાર્યું : ગુરુનો ઉપદેશ તો સરસ છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એનો અર્થ આમણે કર્યો છે, તેવો ના હોય શકે. કાંઇક જુદોજ હોવો જોઈએ. આમના ગુરુભાઇની તપાસ કરીને એને મળવું જોઈએ. કદાચ એ આનો પરમાર્થ જાણતો હોય!

એણે પૂછયું : " તપસ્વિન્ ! પણ તમારા ગુરુભાઈ કયાં છે! તમે અહીં એકાકી કેમ?"

જેમ હું અહીંયા, તેમ મારો ગુરૂભાઇ પણ અહીંથી આગળ જતાં એક મોટું ગામ આવે છે, ત્યાં રહે છે." તપસ્વીએ કહ્યું.

સોમવસુને આગળ તો જવું જ હતું, એમાં આ જિજ્ઞાસાની પ્રેરણા મળી, એટલે એ તો એ રાત ત્યાં પસાર કરીને, બીજા દિવસની વહેલી સવારે નીકળી પડયો, ને લાંબો પંથ કાપીને, આગલાં દિવસની જેમજ બરાબર ભોજન વેળાએ, પેલા ગામે, ગામને ઝાંપેજ આવેલી પેલાં સાધુનાં ગુરૂભાઇની કુટિરે પહોંચી ગયો. આ સાધુ પણ, ભિક્ષા માટે નીકળવાની તૈયારીમાં જ હતો. સોમવસુને-અતિથિને આવેલા જોઈ ને એણે પણ પોતાના ગુરુભાઈની જેમજ એનું સ્વાગત કર્યું. પણ પેલા સાધુમાં ને આમાં ફેર એ હતો કે પેલો પોતાને માટે અને આગંતુક અતિથિ માટે પણ તૈયાર ભિક્ષા માંગી લાવતો અને પોતાની મઢુલીમાં જ ભોજન કરતો અને કરાવતો. જ્યારે આ સાધુએ સોમવસુને પોતાની સાથે લીધો. ને કહ્યું કે હું ભિક્ષા માટે જાઉં છું, તમેય ચાલો મારી સાથે.

બન્ને ઉપડયા, તો રસ્તામાં જ કોઇક ભાવિક ભેટી ગયો. એ બન્નેને આગ્રહ કરી પોતાને ત્યાં લઈ ગયો અને પાદપ્રક્ષાલન પૂર્વક બન્નેને ભરપેટે જમાડયાં

જમ્યાં પછી બન્ને કુટિરે પહોંચ્યા એટલે સોમવસુએ આરામ ન કરતાં આને પણ, પહેલાં સાધુની માફક, તેના ધર્મના હાર્દ વિષે પૃચ્છા કરી, એક તો એના મનમાં જિજ્ઞાસા હતી કે આ શિષ્ય પોતાના ગુરુની શિખામણોને કયાં અર્થમાં લે છે? અને એમાં વળી, પેલા કરતા, આની રહેણી કરણી પણ જુદીજ જોઇ, એટલે એની જિજ્ઞાસા બળવત્તર બની હતી.

આ શિષ્ય પણ સરળ હતો. એણે, પહેલા શિષ્યે કહેલો તે ગુરુનાં સમાગમનો, અધ્યયનનો અને ત્રણ શિખામણોનો વૃતાંત કહીને ઉમેર્યું : "હું તો આ ત્રણ શિખામણોનો અમલ આ રીતે કરૂં છું : મેં આંતરે દિવસે ખાવાનું રાખ્યું છે. કેમ કે કકડીને ભૂખ લાગે ત્યારે જે ખાઇએ તે મીઠું જ લાગે. અને બે દિવસે એક ટંક ખાવા સિવાયનો સઘળો સમય હું ધ્યાન જ્ઞાનાભ્યાસમાં જ પરોવાયેલો રહું છું. એટલે એ પરિશ્રમને લીધે રાતના એવી તો મીઠી ઊંઘ આવે છે કે પછી પથારી ન હોય કે ખરબચડી હોય તોય મારે માટે એ સુખશય્યા બની રહે છે. અને મારી આવી રહેણીકરણીમાંથી નરી નિઃસ્પૃહતા જ નીતરતી હોઇ, મને લોકચાહના પણ ઘણી મળે છે."

સોમવસુને લાગ્યું કે પેલા કરતાં આની સમજણ અને અર્થવિચારણા અલબત્ત, સારી તો ખરીજ. પણ આ શિખામણોનું ખરૂં રહસ્ય હજી કાંઇક જુદું જ છે એમ લાગે છે. એનો ગંભીર પરમાર્થ તો આ બેમાંથી એકેય સમજ્યા નથી લાગતા. પણ તો એ પરમાર્થ જાણવો શી રીતે? એ સમજાવે કોણ?

સોમવસુને તો લય લાગી કે કયારે કોઇક જાણકાર મળે ને કયારે આ શિખામણોનું રહસ્ય જાણું! એ લયમાં ને લયમાં જ એ ત્યાંથી રવાના થયો, અને મજલ દર મજલ કાપતો પહોંચ્યો પાટલીપુત્ર નગર બહાર ચાલતાં સદાવ્રતમાં. ભોજન વગેરે નિત્યકર્મ પતાવી, મુસાફરીનો થાક ઉતારવા સ્નાન અને વામકુક્ષિ કરીને એણે તપાસ કરી કે આ નગરમાં સુખ્યાત પંડિત કોણ છે? એને પેલાં નિયમભંગનું પ્રાયશ્ચિત્ત લેવું હતુ, અને એ કોઇ સારા શાસ્ત્રજ્ઞ પંડિત પાસેથીજ લેવું હતું, એટલે એણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી તપાસ કરેલી. એક નહિ પણ, અનેક અને એણે જેને જેને પૂછયું, લગભગ તે બધીજ વ્યક્તિઓએ એને કહ્યું કે ભાઈ. અહીં તો ત્રિલોચન પંડિત જ મહાપંડિત છે. તમારે શાસ્ત્રોનાં રહસ્ય જાણવા હોય કે શંકાના સમાધાન જોઈતાં હોય, અનાચરણનાં પ્રાયશ્ચિત્ત લેવાં હોય કે ધર્મનો અને દર્શનશાસ્ત્રોનો મર્મ સમજવો હોય, એ બધું જ અમારા આ મહાપંડિત કરી આપશે. એમની હોડનો બીજો કોઈ પંડિત અમે તો જોયો-જાણ્યો નથી.

પછી સોમવસુને પણ ક્યાં કોઈની રાહ જોવાની હતી? એ તો બપોર વેળાએ નીકળી પડયો નગરમાં ફરવા અને પૂછતો પૂછતો પંડિત ત્રિલોચનનાં ઘર આંગણે આવી પહોંચ્યો. કહો કે એની સમજણ અને વિચાર-સભર જિજ્ઞાસા જ એને ત્યાં ખેંચી ગઈ.

મધ્યાહ્નની વેળા હતી. એટલે દરવાને એને અંદર પ્રવેશવા ન દીધો. કહ્યું કે ભાઈ, અત્યારે પંડિતજી આરામમાં હશે, માટે થોડીવાર પછી તમે આવો.

પણ સોમવસુનેય બીજું શું કામ હતું? કામમા કામ એને એકજ હતું, અને તે પોતે દુકાળ સમયે આચરેલા વ્રતભંગનું પ્રાયશ્ચિત્ત લેવાનું. અને રસ્તામાં વળી એમાં નવુ કામ ઉમેરાયું હતું. ત્રણ શિખામણોનો પરમાર્થ જાણવાનું. એમાં પહેલું કામ તો આ પંડિતજી કરી દેશે એવી એને ખાત્રી થઈ ચૂકી હતી. પણ બીજું કામ પણ અહીં જ ઉકલી જશે એવી એને પંડિતજીની પ્રશસ્તિ સાંભળ્યા પછી, આશા જરૂર બંધાઇ હતી એટલે એતો અંદર પ્રવેશની રજા મળે તેની રાહ જોતા ત્યાંજ બેઠો. પણ ત્યાં બેઠાં બેઠાં પણ એને તો નવા કૌતુક જોવા મળ્યાં.

સૌ પ્રથમ એક બટુક ત્યાં આવ્યો. એના હાથમાં ફૂલોની છાબડી અને દાતણ હતા. એને જોઇને આજુબાજુ ઊભેલી વ્યક્તિઓએ એની પાસે ફૂલની અને દાતણની માંગણી કરી, પણ એ બધાને આપવાનો ઈન્કાર કરીને એતો સીધો અંદર જતો રહ્યો. થોડીવારે એ બહાર પાછો ફર્યો, અને પછી જેણે જેણે માંગેલા, તે દરેકને પ્રેમથી ફૂલ અને દાતણ આપીને એણે ચાલતી પકડી.

આ જોઈને સોમવસુને કૌતુક થયું. એણે દરવાનને પૂછયું: "ભાઈ, આણે આ શું કર્યું? પહેલા તો બધાને આપવાની ના પાડી ને પછી પાછું આપવા માંડયું, એનો શો અર્થ? આતો "માથું વાઢીને પાઘડી બાંધવા જેવુ ન થયુ?"

દરવાને એને સમજાવ્યું: "ભૂદેવ! આમાં એણે ખોટું કશું નથી કર્યું. ઉલટું, વાજબી જ કર્યું છે. કેમ કે કોઇપણ વસ્તુ પહેલા સ્વામી અથવા પૂજ્ય વડીલ પાસે ધરાય, માલિકને અપાય, અને પછીજ બીજાને અપાય. એમાં જ માલિકનો વિનય સચવાય અને વસ્તુનું તેમજ આપનારનું પણ ગૌરવ જળવાય."

આ વાત પૂરી થઈ ન થઇ ત્યાં તો સોમવસુની નજરે બીજું આશ્ચર્ય પડયું: પંડિતજીના મહાલયની ઓસરીમાં બે પુરૂષો ઊભા હતા. બન્ને મુખ શુદ્ધિ માટે પાણી માંગતા હતા. એક તરુણ યુવતીએ આવીને એ બન્નેને પાણી આપવા માંડયું. પણ એમાં એક પુરૂષને એણે હાથની અંજલિવતી પાણી આપ્યું અને બીજાને ડોયાંવતી આપ્યું.

સોમવસુની જિજ્ઞાસા વળી ઉત્કંઠિત બની ગઇ. એણે પૂછયું: "ભાઇ દરવાન! આ તરુણીએ આમ કેમ કર્યું? એકને અંજલિથી પાણી આપ્યું અને બીજાને ડોયાંથી. એનો શો હેતુ?"

ખુલાસો કરતાં દરવાને કહ્યું; "વિપ્રવર! પહેલો પુરૂષ એ સ્ત્રીનો પતિ હતો, અને બીજો પર પુરૂષ. એટલે એણે આવો ભેદ કર્યો છે"

સોમવસુ તો દિંગ થઇ ગયો. એને થયુ; "જેનો અનુચર વર્ગ પણ આટલો સમજુ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિમાન અને નીતિમાન છે. તે પંડિત પોતે કેવાં હશે? મને તો લાગે છે કે મારૂ બધું કામ અહીંજ થઇ જવાનું, હવે મારે અન્યત્ર ફાંફાં મારવા નહિ પડે.

ત્યાં તો એના વિચારને જાણે વધાવતા હોય એમ વાજાં વાગવા માંડયાં. જોયું તો મનોહર રાજપાલખીમાં બેસીને અનેક બ્રહ્મચારીઓથી અને રાજસેવકોથી વીંટળાએલી એક યુવતી વાજતે ગાજતે પંડિતજીના ઘર તરફ આવી રહી હતી. એની જિજ્ઞાસાએ એને ચૂપ રહેવા ન દીધો. અને દરવાનની ભલમનસાઇ તેમજ દરેક બાબતની એની જાણકારીએ, એને, એનો મિત્ર બનાવી દીધો હતો એટલે એણે દરવાનને પૂછ્યું: "મિત્ર! આ કોણ છે? આટલો બધો ઠાઠ એણે શાનો કર્યો છે?"

દરવાને કહ્યું: "આ અમારા પંડિતજીની દીકરી છે. એ રાજદરબારે ગઈ હતી. ત્યાં વિદ્વત્સભામાં કોઇ વિદ્વાને ન કરેલી શ્લોકની પાદપૂર્તિ એણે કરી આપતાં, રાજાએ એનું આ સન્માન કર્યું છે, એ સન્માન સાથે એ ઘેર પાછી આવી રહી છે."

આ વાત પૂરી થાય, એટલામાં તો પંડિત પુત્રીએ ઘરમાં ઉલ્લાસ પૂર્વક પ્રવેશ કર્યો અને એના પરિવારે એનું ઉલટભેર સ્વાગત કર્યું.

"વાહ પંડિતજીનો પરિવાર પણ કેટલો બધો વિદ્વાન છે!" સોમવસુથી સહસા બોલાઈ ગયું. હવે એને પંડિતજીનાં દર્શન કરવાની એવી ઉત્કંઠા જાગી કે બધાને અંદર જતાં જોઈને, દરવાનને પૂછ્યાં વગર જ એ અંદર પેસી ગયો.

પણ અંદરતો જાણે નાનકડી સભા જ રચાઈ ગઈ હતી! સભાના અધ્યક્ષ સમા ત્રિલોચન પંડિત, વચમાં મંડાયેલા ઉચ્ચ કાષ્ઠાસન પર બેઠા હતા. એમનો વૃદ્ધ ચહેરો જ્ઞાન અને તપનાં તેજથી એવો તો ઝળહળી રહ્યો હતો કે પ્રથમવાર જોનારને પણ સહજ પ્રતીતિ થઈ જાય કે 'આજ પંડિત ત્રિલોચનજી હશે.'

સોમવસુ તો દરવાજે ઊભો ઊભો પંડિતજીને અને તેમની સભાને ઘડીભર જોતો જ રહ્યો, પણ ત્યાંજ પંડિતજીની નજર એના ઉપર પડી. તરતજ એમણે એને નવાગંતુક તરીકે ખૂબ આદરમાન સહિત અંદર બોલાવીને આસન ઉપર બેસાડયો.

પંડિતજી એટલાં ખ્યાતનામ હતા, અને લોકોને એમનાં જ્ઞાન અને વિશુદ્ધિ માટે એટલું માન હતું. માત્ર આ નગરમાં જ નહિ, પણ દૂર પ્રદેશોમાંથી પણ લોકો પાપશુદ્ધિ માટે એમની પાસે આવતાં, પોતાના ગંભીર પાપોનો પણ એમની સમક્ષ ખુલ્લો એકરાર કરતાં, અને તેઓ જે કહે તે પ્રાયશ્ચિત્ત શ્રદ્ધાપૂર્વક સ્વીકારતા. અત્યારે પણ એજ કામ ચાલી રહ્યું હતું. એક પછી એક વ્યક્તિઓ આવતી હતી અને પોતાના પાપદોષ રજુ કરીને પંડિતજી જે ફરમાવે તે પ્રાયશ્ચિત્ત માથે ચડાવીને વિદાય થતી હતી. પંડિતજી પણ, વ્યક્તિ અને તેનાં દોષનો સમતોલ વિચાર કરીને, ઉચિત લાગે તે પ્રાયશ્ચિત્ત શાસ્ત્રાધારે આપ્યે જતા હતા. સોમવસુ હજી આવીને બેઠો, ત્યાંજ એક બટુક આવ્યો. એણે પંડિતજીને વીનવ્યા; 'પંડિતજી! આજે મેં સ્વપ્નામાં ગુરુપત્ની સાથે અનુચિત કર્મ કરતો મને જોયો. મને લાગે છે કે એથી હું જરૂર દૂષિત બન્યો છું. કૃપયા મને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કરો."

પંડિતજી સમજતા હતા કે આ બટુકે ઇરાદા પૂર્વક કોઈ દોષ નથી આચર્યો. અને સ્વપ્ન કાંઇ સ્વાધીન બાબત નથી. છતા એના મનમાં સંદેહ છે, એ જ એની પવિત્રતા સૂચવે છે. એટલે એને પ્રાયશ્ચિત્તની કોઇ જરૂર નથી છતા એના સંતોષને ખાતર એને કાંઇક પ્રાયશ્ચિત્ત આપવાની ગણતરીથી એમણે કહ્યું: જો ભાઈ! આ સામે સ્ત્રીનું લોહમય પૂતળું છે એને તપાવવુ પડશે, ને એને તારે ભેટવું પડશે તો તારી શુદ્ધિ થશે."

પેલો કબૂલ થયો. તરતજ પૂતળાંને અગ્નિથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપાવવામાં આવ્યું. લાલગોળ બની ગયેલા એ પૂતળાને ભેટવા માટે, પંડિતજીની રજા લઈને જેવો પેલો બટુક આગળ વધ્યો અને પૂતળાંની નજીક પહોંચ્યો, ત્યાંજ પંડિતજીના ઇશારાથી, પડખે ઉભેલા માણસોએ એને ઝાલી લીધો. એજ વખતે પંડિતજી બોલી ઉઠયાં : "બટુક! તું શુદ્ધ છે તારૂં પ્રાયશ્ચિત થઈ ગયું. હવે તું જઇ શકે છે." અને તરતજ, કોઈપણ દલીલ કર્યા વગર, શ્રદ્ધાના ભાવ સાથે એ બટુક ત્યાંથી ચાલ્યો ગયો.

પંડિતજીની આ વિવેકિતા સોમવસુનાં મન પર ભારે અસર જન્માવી ગઈ એ પણ તરતજ ઊભો થઇ ગયો અને પંડિતજી આગળ પોતે કરેલાં વ્રતભંગનો એકરાર કરીને તેનું પ્રાયશ્ચિત્ત માંગ્યું.

એની વાત સાંભળીને પંડિતજીને થયું કે આ પણ શુદ્ધજ છે. પણ એ વાતની એને પ્રતીતિ કરાવવા માટે એણે માટીનાં બે ગોળા મંગાવ્યા; એક ભીનો એક સૂકો. ક્રમશઃ બન્ને ગોળા એમણે ભીંત ઉપર નાંખ્યાં, તો ભીનો ગોળો ત્યાં ચોંટી ગયો, પણ સૂકો ગોળો ત્યાં ન ચોંટયો. પંડિતજીએ કહ્યું : "ભાઇ સોમવસુ! તું આ સૂકા ગોળાં જેવો છે. એટલે તું શુદ્ધ જ છે; તને કોઈ દોષ લાગ્યો નથી."

સોમવસુનું મોં પરિતોષથી ભરાઇ ગયું. પોતાનો ફેરો એને સફળ થયો લાગ્યો. આ હર્ષાતિરેકમાં એ પેલી ત્રણ શિખામણ વાળી વાતને વીસરી ગયો. ને એને પેલી સંન્યાસ ભાવના યાદ આવી ગઈ. ઉભરાતાં આદર સાથે એણે પંડિતજી આગળ પોતાની ભાવના રજૂ કરતાં કહ્યું : "પૂજ્ય! મારે સંન્યાસ લેવો છે, કેવા ગુરૂની પાસે લેવો? આપ કંઇક માર્ગ દર્શન આપો."

એની આ ભાવનાથી તુષ્ટ બનેલા પંડિતજીએ સ્નેહપૂર્વક કહ્યું : "મિત્ર જે વ્યક્તિ, 'સુખે સૂવું જોઈએ, મીઠું ખાવું જોઈએ, અને આત્માને લોકપ્રિય બનાવવો જોઈએ' આ ત્રણ વાતનો પરમાર્થ જાણતી હોય, સાથે સાથે એનું પાલન પણ કરતી હોય અને જે સર્વથા નિઃસ્પૃહ હોય, તેને તું ગુરુ બનાવજે."

આ સાંભળતાંજ સોમવસુનાં મનમાં ચમકારો થયો, ત્રણ શિખામણોની વાત તો યાદ આવીજ, પણ એને લાગ્યું કે કહો કે ન કહો પેલા બે સાધુઓનાં ગુરુ, આ પંડીતજી જ છે, પણ બન્ને સરળ હોવા છતા લાંબી સમજણ ન હોવાથી આમને પાછાં શોધી શકયાં નથી! ખેર. એ તો જે હોય તે પણ મને આ ત્રણ વાતોનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા હતી, તે હવે અનાયાસે સંતોષાશે.

એણે તો તરત પંડિતજીને પૂછ્યું. "આ વાતોનો પરમાર્થ શો?" એ મને સમજાવો કેમ કે જાણ્યા વિના કોણ એનું પાલન કરે છે. એની શી રીતે ખબર પડે?

સોમવસુની જિજ્ઞાસા સંતોષવા પંડિતજીએ ત્રણે શિખામણોનો પરમાર્થ સ્ફુટ કરતાં કહ્યું : "જો ભાઈ, જે ગુરૂ કોઇ પ્રત્યે રાગ કે દ્વેષ નથી રાખતો; હિંસાત્મક આરંભ કાર્યો અને પરિગ્રહ જેને વર્જ્ય છે; અને નિરંતર શુભ ધ્યાન અને શુભ પ્રવૃત્તિમાં જ જે દક્ષ ચિત્ત રહે છે તેજ સાચા અર્થમાં સુખે સૂએ છે. કેમકે એનાં જાગરણની જેમ એનું શયન પણ સ્વ અને પરનું શુભ કરનારૂં હોય છે.

અને જે ભ્રમરવૃત્તિએ ભિક્ષાન્ન ગ્રહણ કરે છે; તે પણ પોતાને માટે કરેલું કે કરાવેલું ન હોય અને કોઇનેય કલેશ ન ઉપજે તે રીતે મળ્યું હોય, અને તેવા ભિક્ષાન્નને પણ રસની લાલસા વગર જે ખાય, છે તે જ, વસ્તુતઃ મીઠું જમે છે. કારણ કે એનું ભોજન કોઇનેય કલેશ કે અપ્રેમનું નિમિત્ત ન હોઇ, પરિણામે એ ઉત્તમ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી, જે મંત્રો અને ઔષધ વગેરેના પ્રયોગ કર્યા વગરજ, પરલોક અને ઇહલોકમાં હિતકર એવાં નિર્દોષ ધર્માનુષ્ઠાનો કરી-કરાવીને સર્વ લોકોનો આદર મેળવે, તે જ સાચો લોકપ્રિય છે,

અને ખરો નિઃસ્પૃહ એ છે કે જે ગાઢ અનુરાગી ભક્તગણ દ્વારા આગ્રહપૂર્વક અપાતા ધન, ધાન્ય અને સોના રૂપાંનો પણ અસ્વીકાર કરે; એ તરફ દ્રષ્ટિ સરખીએ ન કરે.

"સોમવસુ!" પંડિતજીએ વાત પૂરી કરતાં કહ્યું : "જે ગુરૂ આવા હોય તેમની પાસે તું સંન્યાસ લેજે."

જિજ્ઞાસા તૃપ્તિનો આનંદ ઘણીવાર ઉદર તૃપ્તિ કરતાંય અનેરો હોય છે એ આનંદમાં ડૂબેલો સોમવસુ, પંડિતજીની અનુજ્ઞા લઈને, ત્યાંથી આવા ગુરૂની ખોજમાં ચાલી નીકળ્યો. એનો માર્ગ ચોક્કસ કે મર્યાદિત ન હતો. એને તો જયારે ઇચ્છિત ગુરૂ મળે ત્યારેજ એનો માર્ગ ખતમ થવાનો હતો. એટલે એ તો ચાલતો જ રહ્યો અને માર્ગમાં જે કોઇ સાધુ સંતો મળે, તે સૌને પેલી ત્રણ શિખામણોનો અર્થ પૂછતો રહ્યો. એને તૃપ્તિ થાય એવો જવાબ એને કયાંય નહોતો મળતો, કયાંક મળતો, તો તદનુરૂપ આચરણ ન દેખાતું. જો કે આથી એ કંટાળ્યો નહોતો એને તો પાકી આશા હતી કે કયાંકતો મને યથાર્થ સ્વરૂપમાં આનો ઉત્તર મળશેજ.

અને એક દાહડો એની એ આશા ફળી. ફરતો ફરતો એ કોઈક નગર બહાર ઉપવનમાં જઈ ચડયો હશે, ત્યાં તેના જોવામાં સુઘોષ નામનાં જૈનાચાર્ય આવ્યા. રોજ મળતા સંતો કરતાં આમનું સ્વરૂપ જ જુદુ જોઇને એ આચાર્ય પાસે ગયો, અને ત્રણ શિખામણોનું રહસ્ય બતાવવા વિનતિ કરી. આચાર્યે પણ તત્કાળ એનો એવો જ ઉત્તર આપ્યો, જેવો પંડિતજીએ સોમવસુને સમજાવ્યો હતો.

પણ આને માત્ર યથાર્થ અર્થ જાણનારા જ નહિ પણ એનું પાલન પણ કરનારા ગુરૂ ખપતા હતા. એટલે એણે તો આખો દિવસ રહીને આચાર્ય મહારાજ અને એમના મુનિઓની દિનચર્યાનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. એને પ્રતીતિ થઇ કે ના ના, પંડિતજીએ કહેલો તેવો અર્થ આ લોકો જાણે તો છે જ, પણ આચરે પણ છે.

પણ હજી નિઃસ્પૃહતાની ચકાસણી બાકી હતી. એટલે આચાર્ય મહારાજની રજા લઇને એતો રાત પણ ત્યાંજ રહી પડયો. આચાર્ય મહારાજને શો વાંધો હતો ? એમનાં તો અભંગ દ્વાર હતા. જેને જયારે આવવું હોય ત્યારે આવે રે ! સોનુ જો સો ટચનું હોય, તો કસોટીની એને શી બીક હોય ?

રાત જામની હતી. સાયંપ્રતિક્રમણ કરીને સાધુઓ સ્વાધ્યાયમાં તત્પર બન્યા હતા. ખુદ આચાર્ય મહારાજ પણ તે વખતે 'વૈશ્રમણોપપાત-અધ્યયન' નામના સિદ્ધાંતનો સ્વાધ્યાય પાઠ કરવામાં લીન બની ગયા. હવે આ સિદ્ધાંતનો એવો મહિમા છે કે એનો અધિકૃત પાઠ થતો હોય, તો સાક્ષાત્ વૈશ્રમણ-કૂબેરયક્ષ ત્યાં હાજર થાય અને પાઠ કરનારનું મનવાંછિત સાધી આપે.

આચાર્ય મહારાજના અણીશુદ્ધ પાઠથી આકર્ષાઈને, અહીં પણ, કૂબેરયક્ષ આવી પહોંચ્યો. પ્રસન્નચિત્તે એણે પાઠનું શ્રવણ કર્યું પાઠ સમાપ્ત થતાંજ " અહો, ભગવંત ! આપે સુંદર સ્વાધ્યાય કર્યો, આજે મારાં કાન ધન્ય બન્યા" એવું બોલતો બોલતો એ યક્ષદેવ આચાર્ય મહારાજનાં ચરણે નમી પડયો. ચરણસ્પર્શ કરીને એણે ભાવવિભોર સ્વરે વિનતિ કરી : "ભગવન્ આજે હું ખૂબ તુષ્ટ થયો છું. આપ આજ્ઞા કરો તો સોનુરૂપું અથવા આપ ચાહો તે વસ્તુ આપના ચરણોમાં ભેટ ધરૂં."

આચાર્ય મહારાજે સૌમ્યભાવે ઉત્તર વાળ્યો : "ભદ્ર ! તમને ધર્મલાભ હો ! અમે તો અકિંચન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રતધારી મુનિઓ છીએઃ તમે કહી એવી વસ્તુઓ અમારે ન ખપે.”

આ સાંભળીને કૂબેરદેવ ઝુમી ઉઠયો. એનાં મુખમાંથી “ખરેજ, આપનું જીવતર ધન્ય છે, સફળ છે” એવા શબ્દો સરી પડયાં, અને વંદન કરીને તેજ વેરતો એ દેવ અંતર્ધાન થઇ ગયો.

મુનિઓની નિરીહતાની પરીક્ષા કરવા માટે ઉંઘવાનો ડોળ કરીને સૂતેલા સોમવસુનુ ચિત્ત, આચાર્ય અને યક્ષનો સંવાદ સાંભળીને પુલકિત અને ચકિત બની ગયું રે! નિરીહતાનું આથી વધુ શ્રેષ્ઠ કયું પ્રમાણપત્ર હોઇ શકે? એને લાગ્યું કે ગુરૂ તો આનું નામ! જે પોતે તો તરે, પણ શિષ્યોનેય તારે!

અને બીજા દિવસની વહેલી પરોઢે ઉઠીને, ધ્યાનલીન આચાર્ય મહારાજનાં ચરણોમાં, એને આત્મસમર્પણ કરી દીધું.

# “જૈન કથા લેખન સ્પર્ધા”

૧ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી આ **“જૈન કથા લેખન સ્પર્ધા”** યોજવામાં આવે છે.

૨ આ સ્પર્ધામાં પૂ. મુનિ-મહારાજો તેમજ સાધ્વીજી મહારાજો તથા કોઇપણ જૈન ભાઈ કે બહેન ભાગ લઈ શકશે.

૩ આ સ્પર્ધા માટે કથા મોકલવાની છેલ્લી તા. ૩૧ ૮-૮૭ છે,

૪ આ સ્પર્ધામાં પહેલા, બીજા અને ત્રીજા આવનાર સ્પર્ધકોને અનુક્રમે રૂા. ૧૫૧, ૧૦૧, અને ૫૧/- ઇનામ આપવામાં આવશે.

૫ જો પૂ. મુનિ મહારાજો કે સાધ્વીજી મહારાજને પ્રથમ ત્રણ નંબરોમાં ઈનામ મળશે તો તેટલી રકમના તેઓ જણાવે તે પુસ્તકો અર્પવામાં આવશે.

૬ સ્પર્ધાના પરિણામ અંગનો નિર્ણાયકોનો નિર્ણય છેવટનો અને સૌને બંધનકારક રહેશે.

૭ કથાની લંબાઈ ત્રણ ફુલસ્કેપથી આઠ ફુલસ્કેપ કાગળ જેટલી રહેશે (એક બાજુ).

૮ દરેક સ્પર્ધકે કાગળની એક બાજુ ઉપર સારા અક્ષરે કથા લખી મોકલવી.

૯ તા. ૩૧ ૮-૮૭ પછી મળેલી કથા સ્પર્ધા માટે સ્વીકારાશે નહિ.

૧૦ પ્રથમ ત્રણ સિવાયના દરેક સ્પર્ધકને કંઈ ને કંઇ આશ્વાસન ઇનામ આપવામાં આવશે (જો તેમની કથા સ્પર્ધાના નિયમ મુજબની હશે તો).

૧૧ સ્પર્ધામાં આવેલી દરેક કથા આત્માનંદ-પ્રકાશ માસિકમાં છપાવવાનો હક શ્રી આત્માનંદ-પ્રકાશ ભાવનગરનો રહેશે.

૧૨ કથા અન્યત્ર છપાયેલી કે અન્ય માસિકમાં મોકલાયેલી ન હોવી જોઈએ

૧૩ કથા જૈન સાહિત્ય કે ઇતિહાસના મૂળ આધાર પર લખાયેલી તથા મૌલિક ઘડતરવાળી હોવી જોઈએ.

૧૪ કથાની ભાષા ગુજરાતી અથવા હિન્દી હોવી જોઇએ.

૧૫ કથામાં ‘જૈન સિદ્ધાન્ત’ વિરૂદ્ધ કશું ન હોવું જોઇએ.

૧૬ સ્પર્ધકે બરાબર ચકાસીને કવર ઉપર ટપાલ ટીકીટો લગાડવી, નોટપેડ કવર સ્વીકારવામાં આવશે નહિ. પ્રવેશ ફી રાખેલ નથી.

૧૭ કથા મોકલવાનુ સરનામું : **શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ. ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

• સંકલનઃ- શ્રી હીરાલાલ બી. શાહ

કનોડા ગામમાં શ્રી નારાયણ નામે એક વ્યાપારી રહેતા હતા. તેમની પત્નીનું નામ સૌભાગ્યદેવી હતું. તેઓ ધર્મપરાયણ હતાં. તેઓને બે પુત્ર હતા. મોટા પુત્રનું નામ જસવંત હતું. નાના પુત્રનું નામ પદ્મસિંહ હતું. જસવંત વયમાં મોટો હતો, અને બુદ્ધિમાં ખૂબ જ તેજસ્વી હતો.

સૌભાગ્યદેવીએ ધર્મ પ્રત્યેની અવિચળ શ્રદ્ધાના કારણે "ભક્તામર સ્તોત્ર" સાંભળ્યા સિવાય કદી ભોજન લેવું નહિ એવો નિયમ લીધો હતો. હંમેશા તે ઉપાશ્રયે જઇ ગુરૂ પાસેથી સ્તોત્ર સાંભળતી હતી. આ નિયમ ઠીક સીલ-સીલાબંધ પળાતો હતો. પણ ત્રણ દિવસથી લાગલગાટ ભારે વરસાદ પડવાથી તે ગુરૂ પ.સે જઈ શકી ન હતી અને તેને ત્રણ દિવસના ઉપવાસ થયા. નિયમમાં મક્કમ એવા સૌભાગ્યદેવી ધર્મ ધ્યાનમાં પરોવાયા. ચોથે દિવસે ચકોર જસવંત ની નજર તેની બા ઉપર ગઇ અને બોલ્યો : "માતૃશ્રી ! તમે કેમ ખાતા નથી અને શા માટે ભૂખે સૂઈ રહો છો ? તમને શું દુઃખ છે તે કહો" સૌભાગ્યદેવી કહેવાનું ટાળે છે પણ પુત્રની જીદ ભરી હઠે સ્નેહથી કહે છે; "ભક્તામર સ્તોત્ર" સાંભળ્યા પછી ભોજન લેવાનો મારો નિયમ છે, અવિરત વરસાદ ચાલુ હોવાથી ઉપાશ્રયે સાધ્વીજી મહારાજ પાસે સાંભળવા જવાતું નથી. મને એ સ્તોત્ર આવડતું નથી. તેથી નિયમના કારણે હું કશું અન્ન-પાણી લેતી નથી. તરતજ બાળક જસવંત બોલ્યો : 'બા ! મને આવડે છે, તું કહે તો હું તને સંભળાવું !" તમે ત્રણ દિવસથી મને કહેતાં કેમ નથી ? બા, હું સાચું કહું છું કે મને ભક્તામર સ્તોત્ર બરોબર આવડે છે" માતાને આ વાત રમુજ જેવી લાગી, છતાં કહ્યુ : "બોલ !" અને જસવંત એક પણ ભૂલ વિના ભક્તામર સ્તોત્ર સંપૂર્ણ બોલી ગયો. માતાને આશ્ચર્ય થયું કે જસવંત હજી ભણવા તો જતો નથી કે તે કયાંથી શીખ્યો હશે એમ તેને વિચાર આવ્યો. માતાએ પૂછયું : "જસવંત !" આ શીખ્યો કયાં ? કયાંથી તેં આવું અઘરૂં સ્તોત્ર કંઠે કરી લીધું ? "જસવંતે માને કહ્યું "તારી જોડે હું ઉપાશ્રયમાં આવતો અને પાસે બેસીને હું પણ સાંભળતો હતો. એમ સાંભળતા સાંભળતા મને યાદ રહી ગયું." જસવંતની અદ્‌ભૂત સ્મરણ શક્તિ જોઇ, માતાને ખૂબજ હર્ષ થયો. ભક્તામર જેવું સંસ્કૃત કાવ્ય સાંભળીનેજ યાદ રાખનાર પોતાનો પુત્ર ભવિષ્યમાં મહાન થશે એવો તેને વિચાર આવ્યો. તેને અત્યંત આનંદ થયો. જોતજોતામાં ગામમાં આ વાત વીજળી વેગે ફેલાઈ ગઇ. તે દિવસથી જસવંત આખા ગામમાં જાણીતો અને માનીતો થઇ ગયો. આ ઘટના ચોમાસામાં બની અને ચોમાસુ પુરૂ થયા બાદ પૂ પં. શ્રી નયવિજયજી મહારાજ પાંચ છ સાધુ ભગવંતો સાથે કનોડા પધાર્યા. કનોડા સંઘના ભાઈઓ મહારાજ સાહેબને કહે : "સાહેબ અમારા ગામમાં નાનો છોકરો છે તેને ભક્તામર સ્તોત્ર કડકડાટ આવડે છે" સૌભાગ્યદેવી જસવંતને લઇને ઉપાશ્રયે આવ્યા. વંદન કર્યા. ગુરૂ મહારાજની હાજરીમાં જસવંત ભક્તામરના શ્લોકો કડકડાટ બોલી ગયો. શ્રી નયવિજયજી મહારાજે સૌભાગ્યદેવીને ધર્મનો - વૈરાગ્યનો ઉપદેશ આપ્યો.- "આવું રત્ન શાસનને સમર્પિત થાય તો સ્વ કલ્યાણ સાથે અનેક આત્માના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્યાણમાં નિમિત્ત બનશે." પરમ ભદ્રિક એવા નારાયણ અને સૌભાગ્યદેવી સંમત થયાં અને જસવંતને શ્રી નયવિજયજી મહારાજને સોંપી દીધો. તે સમયે પાટણમાં તપાગચ્છ શિરતાજ પ. પૂ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા. નયવિજયજી મહારાજને પાટણની પૂણ્યધરા જસવંતની પ્રવજ્યા માટે યોગ્ય લાગી તેથી તેઓ પાટણ આવ્યા અને જસવંતને પ્રવજ્યા આપવાની વાત શ્રી સંઘ સમક્ષ મૂકી અને શ્રી સંઘે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. સૌભાગ્યદેવી નાના પુત્ર પદ્મસિંહ સાથે સંયમને પંથે જનાર જસવંતને વીરતા ભરી વિદાય આપવા કંકુ-ચોખા લઈને પાટણ આવ્યા હતા. શુભ મુહૂર્તે જસવંતની દીક્ષા થઈ. જસવંત હવે મુનિ શ્રી યશોવિજયજી બન્યા. નાનાભાઈ પદ્મસિંહે તેમની માતાને કહ્યું કે મોટાભાઈનો પંથ એજ મારો પંથ છે. સંસારમાં અમો બન્ને ભાઈ સાથે હતા મને દીક્ષા લેવાની અનુમતી આપો. સૌભાગ્યદેવીએ પદ્મસિંહને ગુરુદેવના ચરણે અર્પણ કર્યો ગુરુદેવે તેને ચકાસીને થોડા દિવસો ગયા બાદ પદ્મસિંહને દીક્ષા આપી. મુનિશ્રી પદ્મવિજયજી મહારાજ નામે એ જાહેર થયા, બન્ને ભાઈઓનું 'ધર્મપિતા' પદ શ્રી નયવિજયજી મહારાજને મળ્યું. શ્રી આવશ્યક સૂત્ર અને અન્ય સૂત્રોના યોગોદ્વહન પાટણમાં જ થયા. બન્ને શ્રમણોની વડી દીક્ષા પણ પૂ. વિજયદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થઈ.

ગુરુ મહારાજ શ્રી નયવિજયજી મહારાજની પુણ્ય છાયામાં શ્રી યશોવિજયજી મહારાજ અભ્યાસમાં પરોવાઈ ગયા. હજી ૧૬૮૮માં તો દીક્ષા થઈ હતી અને ૧૬૯૯માં તો મુનિશ્રી યશોવિજયજી મહારાજ ગુજરાતમાં લબ્ધ અનેક ગ્રંથોના પારગામી બની ગયા. વિ. સં. ૧૬૯૯માં શ્રી નયવિજયજી મહારાજ શ્રી યશોવિજયજી આદિ શિષ્ય સહિત ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અને માર્ગમાં અનેક જીવોને પ્રતિબોધ પમાડતાં અમદાવાદ પધાર્યા, યશોવિજયજી મહારાજની પ્રતિભા અને વિદ્વત્તા જોઈને એકવાર શ્રાવકસંઘે શ્રી ગુરુદેવને કહ્યું કે, અમારે યશોવિજયજી મહારાજના શ્રીમુખે 'અવધાન' જોવા છે. શ્રી શ્રાવક સંઘની જિજ્ઞાસા સંતોષવા શ્રી ગુરુદેવે સંમતિ આપી. નક્કી દિવસે ને નક્કી સ્થળે હકડેઠઠ સભા વચ્ચે શ્રી યશોવિજયજી મહારાજના અવધાન થયા. આઠ મોટા અવધાન સાંભળી ને ભલભલા આફરીન પોકારી ગયા, સભામાં રહેલા પોતાની જાતને બુદ્ધિમાન માનનારા છક્ક થઈ ગયા. અમદાવાદના મોટા-મોટા શેઠ શાહૂકારો ને શાહ-સોદાગરો આ પ્રયોગમાં હાજર હતા. એમાંના એક ધનજી સૂરા હતા.

શાસનપ્રેમી ધનજી સૂરા ઊભા થઈને બોલ્યા : 'ગુરુદેવ'! શ્રી યશોવિજયજી મહારાજને કાશીમાં વિશિષ્ટ અધ્યયન કરાવવામાં આવે, અને પછી તેઓ કલમ ચલાવે, તો જૈન શાસનની શાન વધારનાર બને અને શાસન ઉપર આવતા પડકારને ક્ષણમાં નિરુત્તર કરે તેવું હીર ને નૂર હું દેખું છું." ગુરુદેવ બોલ્યા : "ભાઇ! તમે કહ્યું તે મને ગમ્યું. ગુજરાતમાં લબ્ધ જ્ઞાનાભ્યાસ તો લગભગ યશોવિજયજીએ કરી લીધો છે. બાકીનો અભ્યાસ કાશી સિવાય અલભ્ય છે, કાશી દૂર છે એની મને ફિકર નથી. કાશીમાં બે ત્રણ વર્ષ રહેવું જોઈએ અને ખર્ચ થાય તે ઉપરાંત કાશીના અધ્યાપક પંડિતને દાન-દક્ષિણા આપવી પડે." શ્રી ધનજી સૂરાએ યોગ્ય પ્રત્યુત્તર આપ્યો : "આપે એ ચિંતા કરવાની નથી. હું તૈયાર છું." ગચ્છનાયકના આશિષ લઈને શ્રી નયવિજયજી મહારાજે પોતાના શિષ્યને લઈને કાશી તરફ પ્રયાણ કર્યું. લંબો વિહાર કરીને મુનિવૃન્દ કાશીમાં પ્રવેશ્યું અને સર્વસર્વા ગણાતા અને તાર્કિક શિરોમણિ લેખાતાં, શ્રી ભટ્ટાચાર્યજી પાસે શ્રી યશોવિજયજી મહારાજે અભ્યાસ શરૂ કર્યો. શીઘ્ર વિદ્યા વરવા લાગી. અઢી-પોણા ત્રણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષ જેટલા ટૂંકા ગાળામ ન્યાયાદિ ષડ્દર્શન શાસ્ત્રોના પારંગત વિદ્વાન થઈ ગયા. ન્યાયનો સર્વસર્વા ગણાતો 'તત્વચિંતામણિ' ગ્રંથ સિદ્ધ થઈ ગયો. અને નવ્યન્યાયનો અભ્યાસ પૂર્ણ કર્યો આ સમયમાં એક પ્રખર સંન્યાસીએ કાશીના વિદ્યાધામને પડકાર આપ્યો : "મને જીતી લઇને કાં કાશીના જ્ઞાનક્ષેત્રની ઝંડી ઉંચી રાખો ! કાં એ ઝંડીને ફાડીને ફેંકી દો ! કાશીની કીર્તિ રક્ષા કાજે ભટ્ટાચાર્યજીએ પડકારને ઝીલી લીધો. કોઇ પંડિત સંન્યાસીનો સામનો કરવા તૈયાર ન થયો પણ શ્રી યશોવિજયજી મહારાજ તૈયાર થયા. શ્રી યશોવિજયજી મહારાજે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી સ્યાદ્વાદ શૈલીની રાહે સંન્યાસીની અનેક યુક્તિ-પ્રયુક્તિઓને હત-પ્રહત બનાવી દીધી આખરે સંન્યાસીની હાર જાહેર થઈ.

બધા પંડિતો ભેગા થઈને કાશીના કીર્તિ-રક્ષક શ્રી યશોવિજયજી મહારાજને 'ન્યાય વિશારદ' તરીકે બિરદાવ્યા. ષડદર્શનના અને નવ્ય ન્યાયના વિશદ અધ્યાપનની દક્ષિણારૂપે બે હજાર દીનાર ભટ્ટાચાર્યજીને અપાવીને શ્રી યશોવિજયજી પોતાના ગુરૂ સાથે આગ્રા તરફ વિહાર કરી ગયા, એક દિવસે શ્રી યશોવિજયજી મહારાજે પોતાના ગુરૂ સાથે આગ્રામાં પ્રવેશ કર્યો, આગ્રામાં નર્યા નિશ્ચય નયના સંપૂર્ણ આગ્રહી બની ગયેલા બનારસીદાસ પંડિત રહેતા હતા. ન્યાય વિશારદે બનારસીદાસને પડકાર્યા. બનારસીદાસે પડકારને ઝીલી લીધો. ન્યાય વિશારદની વ્યવહાર-નિશ્ચયનયની સાપેક્ષતાને સિદ્ધ કરતી અકાટ્ય-યુક્તિઓ આગળ બનારસીદાસના નર્યા નિશ્ચયવાદની હાર થઈ. ન્યાય-વિશારદ શ્રી યશોવિજયજી મહારાજ વિજયી જાહેર થયા. આગ્રા સંઘના મોવડીઓની વિનતિથી ગુરુદેવે આગ્રામાં સ્થીરતા કરી અને શ્રી યશોવિજયજી મહારાજનો 'જ્ઞાનયજ્ઞ' પાછો શરૂ થયો. બનારસીદાસને બહિષ્કાર અપાવનારી, અકાટ્ય યુક્તિઓને, શ્રી યશોવિજયજી મહારાજે પાછળથી 'અધ્યાત્મ મત ખંડન'ને 'અધ્યાત્મ પરીક્ષા' નામના ગ્રંથમાં શબ્દસ્થ બનાવી દીધી. ત્રણ વર્ષ કાશીમાં અને ચાર વર્ષ આગ્રામાં, આમ સાત વર્ષની જ્ઞાનયાત્રા પૂર્ણ કરીને એક પળે શ્રી ગુરૂદેવે શ્રી યશોવિજયજી મહારાજ સાથે અમદાવાદ તરફ વિહાર શરૂ કર્યો.

સાત સાત વર્ષની જ્ઞાનયાત્રા ખેડીને આગ્રાથી અમદાવાદ આવ્યા અમદાવાદમાં સૂબા તરીકે મહોબતખાન હતા. મહોબતખાન આગળ પડતા જૈન અગ્રણીઓના સંપર્કમાં હતા. મહોબતખાનને ન્યાયવિશારદની અવધાન-કળાઓને જોવી હતી. એક દિવસે અવધાન કળાનો પ્રયોગ નક્કી થઈ ગયો. તે દિવસે રાજસભામાં પગલું મુકવાની જગા ન હતી. છતાં ચોમેર શાંતિ હતી. અનેક અવધાનોને ટક્કર મારે એવો જોરદાર અવધાનનો પ્રયોગ પૂર્ણ થયો મહોબતખાને જૈન શાસનની 'જય' બોલાવી અને સહુના મોંમાથી એકજ નાદ નીકળ્યો :– "જૈનં જયતિ શાસનમ્" જય હો જિન શાસનનો ! " એક દિવસે અમદાવાદનો શ્રી સંઘ શ્રી વિજયદેવસૂરિજીના સામે હાથ જોડીને ખડો થઇ ગયો. સંઘનું પ્રાતિનિધ્ય સંઘવી ધનજી સૂરાને માથે હતું. તેઓશ્રી આગળ આવ્યા અને વિનંતી કરી : "આચાર્યદેવ ! ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ ઉપાધ્યાય પદને પૂર્ણ યોગ્ય છે. સમગ્ર અમદાવાદ સંઘની વિનતી છે અંતિમ નિર્ણય આપશ્રી ઉપર જ અવલંબે છે" આ કામ માટે તેમણે શ્રી વિજયપ્રભસૂરિ મહારાજને ભલામણ કરી. સંવત ૧૭૧૮માં પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રભસૂરીશ્વરજીના વરદ હસ્તે ઉપાધ્યાય પદનો અભિષેક થયો. એ દિવસથી શ્રી સકળ સંઘના માનીતા "ઉપાધ્યાયજી" બની ગયા.

એક વખત તાર્કિક શિરોમણિ આચાર્ય શ્રી મલ્લવાદિસૂરિજી રચિત મહાગ્રંથ નયચક્ર મેળ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વવાની ઈચ્છા શ્રી ઉપાધ્યાયજી મહારાજને થઈ. તેમણે ઠેર-ઠેર સરસ્વતી મંદિરોની મુલાકાત લીધી. છેવટે પાટણમાં સ્થિરતા હતી ત્યારે પાટણના જ્ઞાન મંદિરમાંની એક પ્રત મળી. તે મલ્લવાદિજીનું મૂળ 'નયચક્ર' નહિં પણ તેના એકજ શ્લોક ઉપર શ્રી સિંહવાદી ગણિ ક્ષમા શ્રમણની ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા હતી. થોડા જ દિવસોમાં એમણે અઢાર હજાર શ્લોકની નયચક્ર વૃત્તિને અવગાહી લીધી. શ્રી ઉપાધ્યાયજી મહારાજ એમ સાત મુનિવરોએ મળીને ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ આ મહાકાય શાસ્ત્રની માત્ર પંદર દિવસમાં જ નકલ તૈયાર કરી. જેમાંના ૪૮૦૦ શ્લોક તો ઉપાધ્યાયજી મહારાજે પોતે લખ્યા છે આ તેઓની લેખનકળા વિષયક સિદ્ધ હસ્તતાનો અપૂર્વ નમૂનો છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજ ખંભાતમાં બિરાજમાન હતા. તેઓશ્રીના ચાલુ વ્યાખ્યાનમાં જ ભટ્ટાચાર્યજી આવી પહોંચ્યા. શ્રી ઉપાધ્યાયજી મહારાજે એકદમ તેમને ઓળખી લીધા અને આગળ બેસાડયા અને જણાવ્યું કે મારામાં આજે જે કંઇક પણ વિદ્વત્તા અને વકતૃત્વ જોઈ શકો છો તે આ મહાનુભાવનો જ પ્રભાવ છે અને વિદ્યાગુરુની ઓળખાણ આપી. જ્ઞાન, જ્ઞાની તથા જ્ઞાનના સાધનોનું બહુમાન સૂચવતું એવું અસરકારક વ્યાખ્યાન આપ્યું કે ત્યાં બેઠેલા શ્રાવક શ્રાવિકાએ સુવર્ણના આભૂષણો શ્રી ભટ્ટાચાર્યજીને ગુરુ દક્ષિણા તરીકે આપ્યા.

સં. ૧૭૩૮ની સાલમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની સ્થીરતા રાંદેરમાં હતી. રાંદેરના શ્રી સંઘની વિનંતિને લક્ષમાં રાખીને ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે શ્રી શ્રીપાલરાસની રચના આરંભી. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજને પોતાની કથળતી તબિયતના કારણે દેહનો ભરોસો ન હતો તેથી આદરેલો રાસ અધૂરો રહે તો ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પરિપૂર્ણ કરવાનું વચન આપ્યું. કવિવરની તબીયત સાવ લથડી પડી અને પાંચમી ઢાળની વીસમી કડી રચીને, કલમ મૂકી એ મૂકી. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે શ્રીપાલરાસને પૂર્ણ કર્યો, શ્રીપાળરાસમાં ૭૫૦ ગાથા પછીની રચના ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કરી.

શ્રી ઉપાધ્યાયજી મહારાજ ગુજરાતમાંથી મારવાડમાં પ્રવેશ્યા. શ્રી ઉપાધ્યાયજી મહારાજે મેડતામાં પ્રવેશ કર્યો, શ્રી ઉપાધ્યાયજી મહારાજે એક દિવસે વ્યાખ્યાનમાં યોગના એક શ્લોકને પ્રવચનનો વિષય બનાવ્યો. શ્રી ઉપાધ્યાયજી મહારાજે વિદ્વતાભર્યું પ્રવચન આપ્યું. પ્રવચન પૂર્ણ થયા પછી શ્રી ઉપાધ્યાયજી મહારાજે ચોમેર નજર ફેરવી અને જાણ્યું કે સાધુઓના સંઘમાં વૃદ્ધ જેવા જણાતા એક મુનિ બેઠા હતા. શ્રી ઉપાધ્યાયજી મહારાજે પૂછ્યું : કેમ, સ્થવિર સાધુ! કંઇ સમજાયું ? આ શ્લોક યોગનો હતો.

સામેથી વૃદ્ધ મુનિનો જવાબ આવ્યો :- વિદ્વત્તા જુદી ચીજ છે, યોગ અલગ વસ્તુ છે. ભણવાથી વિદ્વાન થવાય, પણ યોગની જાણકારી કે એની પ્રભાવિકતા તો ફક્ત અનુભવ ગમ્ય છે અને તે અનુભવ અંતરમાં પલાંઠી લગાવવાથી થાય છે. વૃદ્ધ મુનિની આ વાણી સાંભળતાં જ સહુ બોલી ઉઠયા : આ તો આનંદઘનજી છે. શ્રી ઉપાધ્યાયજી મહારાજ તરતજ પાટ ઉપરથી નીચે ઉતરી ગયા અને આનંદઘનજીને મળ્યા અને તેમનો આનંદ નિરવધિ બન્યો. શ્રી ઉપાધ્યાયજી મહારાજે રોમાંચ સાથે આનંદઘનજી મહારાજને આ શ્લોક પર વિવેચન કરવાની વિનંતી કરી. આનંદઘનજી મહારાજ પાટ પર બિરાજ્યા. જોડે જ શ્રી ઉપાધ્યાયજી મહારાજ બિરાજ્યા યોગ અને જ્ઞાનનુ આ અભૂતપૂર્વ મિલન મેડતામાં થયું. આનંદઘનજી મહારાજના અનુભવ વાણીમાંથી યોગના અગમ્ય તત્ત્વો શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાધ્યાયજી મહારાજે જાણ્યા. શ્રી ઉપાધ્યાયજી મહારાજમાં કવિત્વ, પ્રતિભા, અજોડ વિદ્વત્તા હતાં પણ આનંદઘનજી મહારાજના સમાગમથી તેઓનું જીવન અધ્યાત્મના રંગે રંગાયું.

વિ. સં. ૧૭૪૩ની સાલમાં શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજનું ચાતુર્માસ દર્ભાવતી નગરીમાં (ડભોઇમાં) હતું. આ છેલ્લા ચોમાસામાં નવ શિષ્યો સાથે હતા. છેલ્લે-છેલ્લે અણસણનો સ્વીકાર કરીને ખૂબજ સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

શ્રી ઉપાધ્યાયજી મહારાજનો સર્જનનો સરવાળો ધરખમ છે. સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી અને મિશ્ર ભાષામાં લગભગ ૩૦૦ કૃતિઓનું સર્જન કરેલ છે. જેમાંની કેટલીક કૃતિઓ ન્યાય, વ્યાકરણ, મહાકાવ્ય, અલંકાર, પત્ર, કોશ, ઉપદેશ અને આગમિક સાહિત્યને લગતી છે.

ધર્મ-સંગ્રહના કર્તા ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી ગણિવરે જેમને "સ્મારિત શ્રુતકેવળી" કહીને બીરદાવ્યા છે. જૈન કવિશ્રી જ્ઞાનવિમલસૂરીજીએ જેમને "વાચકરાજ" કહીને વખાણ્યા છે. કવિવર શ્રી કાંતિવિજયજી મહારાજે જેમનામાં "કુર્ચાલી શારદા" અને "લઘુહરિભદ્ર"નું દર્શન કર્યું છે એવા અઢારમી સદીના તાર્કિક અને દાર્શનિક, ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ સાહેબને કોટિ કોટિશઃ વંદના.

## એકને જીતો

કેશીકુમાર શ્રમણે એક દિવસ ગૌતમ ગણધરને પ્રશ્ન કર્યો.

"તમે હજારો શત્રુઓની વચ્ચે રહો છો. તેઓ તમારા પર હુમલો પણ કરે છે; છતાં તમે કેવી રીતે વિજયી થાઓ છો?"

ગૌતમ ગણધરે કહ્યું, "પહેલા હું મારા એક શત્રુને જીતું છું. પછી સહેલાઇથી ચારને જીતી લઉં છું. ચાર તાબે થઈ જાય, એટલે દશ પર હલ્લો કરૂં છું ને વિજય મેળવું છું. પછી તો હજારોને ક્ષણભરમાં હરાવી દઉં છું."

કુમાર શ્રમણે કહ્યું, "એ શત્રુઓ કયા કયા?"

ગૌતમ બોલ્યા:- "પહેલા તો સૌથી મોટો મારો અહંકારી આત્મા. એને જીતુ એટલે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર તરતજ જિતાય છે. એ ચારને જીતી લઉં એટલે પાંચ ઈન્દ્રિયોના પાંચ સારા અને પાંચ ખોટા વિષયો જીતી શકાય છે. આ દશ શત્રુઓને જીત્યા એટલે હજારો શત્રુઓની પરવા રહેતી નથી. હું પછી શાન્તિથી ભ્રમણ કરી શકુ છું.

## વિષવેલ! ભવતૃષ્ણા!

"હે ગૌતમ! માણસના હૃદયમાં એક વિષવેલી ઉગે છે, ફુલે છે, ફળે છે, એને તમે કેવી રીતે કાપી? એનું નામ શુ?"

'પહેલાં એ વેલને કાપી, પછી મૂળથી ઉખાડીને ફેંકી. પછી એનાં વિષફળ મારે ચાખવાનાજ ન રહ્યાં. એ વિષવેલનું નામ છે ભવતૃષ્ણા!'

**ડૉ. કુમારપાળ દેસાઇ** 'મોતીનીખેતી' માંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાલોચના

**જૈન સાહિત્ય સમારોહ** (ગુચ્છ ૨.) પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગષ્ટ ક્રાન્તિ માર્ગ-મુંબઈ. પીન કોડ ૪૦૦૦૩૬. સંપાદકો શ્રી રમણલાલ સી. શાહ, શ્રી કાન્તિલાલ ડી. કોરા, શ્રી પન્નાલાલ ર. શાહ, શ્રી ગુલાબ દેઢિયા, શ્રી ચીમનલાલ કલાધર કી. રૂા. ૪૦/-

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે દર વર્ષે 'જૈન સાહિત્ય સમારોહ'નું આયોજન થાય છે. આ સમારોહમાં અનેક વિદ્વાનો તેમના સંશોધન પૂર્ણ લેખ રજુ કરે છે. આ પુસ્તકમાં છઠ્ઠા તથા સાતમા સાહિત્ય સમારોહના અહેવાલો તથા જૈન કલા, તત્ત્વજ્ઞાન, સાહિત્યના વગેરે વિષયોને આવરી લેતા અનેક વિદ્વાનોના લેખોમાંથી પસંદ કરેલા લેખો આપવામાં આવ્યા છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આવા સાહિત્ય સમારોહ દ્વારા 'જૈન સાહિત્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયમાં ઉત્તમ લેખો લખવા માટે વિદ્વાનોને માટે પ્રેરણારૂપ કાર્ય કરી પ્રશંસનીય કાર્ય કરી રહેલ છે. આ કાર્ય ઉત્તરોત્તર વિકાસ પામતું રહે એવી શુભેચ્છા.

— કા. જ. દોશી

**(૨) જિંદગી એક જુગાર : લેખક** પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ. પ્રકાશક રત્નત્રયી ટ્રસ્ટ C/o. કલ્પેશ વી. શાહ ૩૬, હસમુખ કોલોની વિજયનગર રોડ, નારણપુરા અમદાવાદ. ૩૮૦ ૦૧૩ મૂલ્ય. રૂા. ૧૦-૦૦

જિંદગીના જુગારની હારની બાજી જીતમાં પલટાવી શકાય તે માટેનો ઉત્તમ ઉપાય આ પુસ્તિકામાં પૂજ્ય મુનિશ્રીએ આપીને ઘણું ઉપકારનું કાર્ય કર્યું છે આધુનિક જીવનની ઘણી ઘટનાઓનું આબેહૂબ વર્ણન કરી તેમાંના પતનનો માર્ગ ત્યાગી ઉન્નતિને માર્ગે કેમ જવાય તેની ચાવી પૂજ્ય મુનિશ્રી રત્નવિજયજીએ તેમાં આપી છે. ત માટે આપણે તેમના ખૂબ ખૂબ ઋણી છીએ.

— કા. જ. દોશી

# પૃથ્વી ગોળ કે સપાટ ?

## આત્માની ચિંતા

એક જિજ્ઞાસુએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો, 'પૃથ્વીને શાસ્ત્રમાં સપાટ કહી છે અને હાલમાં શોધકો ગોળ કહે છે, તેમાં ખરૂં શું ?"

શ્રીમદે સામો સવાલ કર્યો, "તમને સપાટ હોય તો ફાયદો કે ગોળ હોય તો ફાયદો ?"

જિજ્ઞાસુએ કહ્યુ, "હું એજ જાણવા માંગું છું."

શ્રીમદે પૂછ્યું, "તમે તીર્થંકર ભગવાનમાં શક્તિ વધારે માનો છો કે હાલના શોધકોમાં ?"

જિજ્ઞાસુ — "તીર્થંકર ભગવાન પર"

શ્રીમદ્ — "તીર્થંકર પદ પર શ્રદ્ધા રાખો અને શંકા કાઢી નાખો. આત્માનું કલ્યાણ કરશો તો તમને પૃથ્વી સપાટ કે ગોળ, જેવી હશે તેવી હરકત કરશે નહિ."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

હવે પછીનો તા. ૧૬-૭-૮૭નો અંક બંધ રહેશે. અને તા ૧૬-૮-૮૭નો પર્યુષણ વિશેષાંક તરીકે બન્ને અંકો ભેગા પ્રગટ કરવામાં આવશે.

પ. પૂ. મુનિભગવંતો અને પૂ. સાધ્વીજી મહારાજો, લેખક ભાઇઓ અને બહેનો તેઓના પર્યુષણ ઉપરના લેખો સારા અક્ષરથી લખીને તા. ૩૧-૭-૮૭ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

# મણકો સર્વના કલ્યાણની ઝંખના

સમય પલટાઇ રહ્યો છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર વ્યાપક બની રહી છે. મોંઘવારી, બેકારી અને હિંસાવાદથી સમાજના નૈતિક જીવન પર વ્યાપક અસર થઈ રહી છે. કરોડો કમાવાથી કે લાખો જમા કરવાથી જીવનની સાર્થકતા નથી થતી. જીવનમાં પારકા માટે સમાજ, દેશ, અને ધર્મ માટે શું કર્યું એજ મહત્વનું છે, પ્રત્યેકના જીવનમાં સર્વનું કલ્યાણ થાય એવી ભાવના પ્રદીપ્ત થાય. સં. ૨૦૨૧ બીકાનેર.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી

# સ્વર્ગવાસ નોંધ

શાહ હીંમતલાલ નથુભાઈ ઉ. વ. ૭૩ તા. ૨-૬-૮૭ ને સં. ૨૦૪૩ જેઠ શુદ ૫ ને મંગળવારના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા હૃદયમાં ધર્મમય ભાવના સાથે અવસાન પામ્યા છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવ વાળા હતા. તેઓ પાઠશાળા અને સામયિકશાળામાં વધુને વધુ ધાર્મિક શિક્ષણનું કાર્ય થાય તે માટે ઊંડો રસ લેતા હતા. તેઓ પોતે પણ ધર્મના ઊંડા અભ્યાસી હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખમાં અમે સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમશાન્તિ માટે પ્રાર્થના કરીએ છીએ.

# સ્વર્ગવાસ નોંધ

શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહ સં. ૨૦૪૩ના જેઠ શુદ છઠ્ઠના રોજ મુંબઇ (મલાડ) મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુમ્બ પર આવી પડેલ દુઃખમાં અમે સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિંદગીનો જુગાર

લે. પૂ. મુનિશ્રી રત્નવિજયજી

જિંદગીના જુગારમાં જે કચરા જેવા મોહ-મૂર્છા વાસના કષાય અને એના કારણભૂત સંપત્તિ-બંગલા-મોટર વગેરે મૂકી જાણે છે.

એને ઇનામમાં શાન્તિ-સમાધિ-સદ્‌ગતિ વગેરે જે મળે છે એ જોતાં ત્રાડ પાડીને કહેવાનું મન થાય છે કે—

"હે માનવો, જનમ જનમ કચરા સાથે દોસ્તી કરીને તમે સોનુ ગુમાવી બેઠા છો.... પણ આ જનમમાં એ ભૂલ ન કરશો! લાખ પ્રયત્ન છતાંયે સાથે ન જ આવે એવા સંસારના પદાર્થોનો ત્યાગ કરવાથી જનમ જનમ સાથે આવે એવો ધર્મ અને ધર્મ સંસ્કારોનો વારસો મળતો હોય તો એ તકને ગુમાવી દેવામાં બેવકૂફી સિવાય બીજું કંઇજ નથી."

આવો કચરો (નાશવંત) સ્વેચ્છાએ છોડીએ બદલામાં સોનુ (આત્માગુણો) મેળવીનેજ રહીએ.

'જિંદગી અને જુગાર' માંથી સાભાર.

# ત્યાગમાં સંસાર!

મન તો કરોળિયાની જાળ જેવું છે. અને જુદા જુદા તર્કની ગુંથણી કરતુ રહેશે અને તે ખુદ જુદા જુદા તર્ક-વિતર્કમાં સપડાતું રહેશે. મન વિસર્જિત નહિ હોય તો માનવીને શાન્તિતે સ્થળે પણ બેચેનીની પીડા થશે. સુખની શય્યામાં અજંપાના કાંટા વાગશે. એ બધું છોડીને જંગલમાં જશે છતા જંગલમાં નવો સંસાર જન્માવશે.

— ડો. કુમારપાળ દેસાઇ

'તૃષા અને તૃપ્તિ'માંથી સાભાર

# ધર્મારાધના

તારા જીવનને પસન્નતાથી મઘમઘતુ બનાવી દે એ માટે એક બાબતનો ખાસ ખ્યાલ રાખજે કે ધર્મારાધના માત્ર ધર્મક્ષેત્રો પૂરતી મર્યાદિત ન રહી જાય, ધર્મારાધનાના કાળ પૂરતી સીમિત ન બની જાય.

મંદિરમાં પરમાત્માના દર્શન કરીને બહાર નીકળે ત્યારે રસ્તા પર પરસ્ત્રીના દર્શન ન થઇ જાય એની તકેદારી રાખજે

દેરાસરના ભંડારમાં સારી એવી રકમ નાખ્યા પછી દુકાને આવેલા કો'ક કમજોર ઘરાકને લૂટી ન લેવાય એની ખાસ કાળજી રાખજે.

સામાયિક કરીને ઊભા થયા બાદ મામૂલી નુકસાન જોતા કો'કના પર કષાય ન થઈ જાય એનો ખાસ ખ્યાલ રાખજે.

મહામૂલી જિનવાણીનું શ્રવણ કર્યાં બાદ કો'કની અજાણતાય નિંદા ન થઈ જાય એની સાવધાની રાખજે. ટુંકમાં ધર્મારાધનાઓ માત્ર ધર્મના ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત ન રાખતાં એની અસરને ઘરમાં-બજારમાં અને વ્યવહારમાંય અનુભવતો રહેજે.

લે. મુનિશ્રી રત્નસુંદરવિજયજી

'જિંદગી એક જુગાર'માંથી સાભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧ ૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૪૦-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી. શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only